સને. ૨૦૧૪-૧૫ માં નવી બાબતે પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન સાથે "દૂધ સંજીવની યોજના" હેઠળ પોષણક્ષમ દૂધ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૪/૧૭/૨,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૧/૨૦૧૪.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-મભય-૧૩૮૪-ક, તા.૯-૧૧-૮૪.
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૪/૧૭/૨, તા.૧૭-૦૯-૨૦૧૪.
(૩) કમિશનરશ્રી,મ.ભો.યો.ની સીંગલ ફાઇલથી મળેલ દરખાસ્ત.

<u>પ્રસ્તાવનાઃ-</u>

સંદર્ભમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૨) સામે દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૭-૯-૨૦૧૪ ના સમાન ક્રમાંકના ઠરાવથી ચાલુ વર્ષે સને. ૨૦૧૪-૧૫ માં પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન સાથે "દૂધ સંજીવની યોજના" હેઠળ પોષણક્ષમ દૂધ આપવા અંગેની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

સંદર્ભમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૨) સામે દર્શાવેલ કમિશનરશ્રી,મ.ભો.યો.ની સીંગલ ફાઇલથી મળેલ દરખાસ્ત સાથે નાયબ કલેકટર, (મધ્યાહ્ન ભોજન યોજના), અરવલ્લીનો તા.૨૭-૧૦-૨૦૧૪ નો પત્ર તથા તેના બિડાણ વંચાણે લેતાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં "દૂધ સંજીવની યોજના" અમલમાં છે સાબર ડેરી પાસે દૂધને ફલેવર્ડ કરવા માટેની સગવડ ઉપલબ્ધ ન હોવાથી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સરકારશ્રીની મંજૂરી મેળવી સાબર ડેરી દ્વારા "દૂધ સંજીવની યોજના" અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં ફલેવર્ડ મીલ્કને બદલે સાદું પેસ્ચ્યુરાઈઝડ મીલ્ક પુરું પાડવાની મંજૂરી આપવામાં આવેલ છે તેવી જ રીતે શિક્ષણ વિભાગ દ્વારા અમલી

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને મધ્યાહ્‌ન ભોજન સાથે ફ્લેવર્ડ મીલ્કને બદલે સાદું પેસ્ચ્યુરાઈઝડ મીલ્ક પાઉચ પેકિંગમાં આપવાનો સુધારો થઇ આવવાની નાયબ કલેકટરશ્રી, મ.ભો.યો.ની રજૂઆત અન્વયે કમિ.શ્રી, મધ્યાહ્‌ન ભોજન યોજના દ્વારા ભલામણ સાથેની દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવામાં આવેલ છે જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે વિભાગના તા.૧૭-૯-૨૦૧૪ ના ઠરાવથી અમલમાં આવેલ “દૂધ સંજીવની યોજના” હેઠળ પોષણક્ષમ દૂધ આપવાની યોજનામાં આંશિક સુધારો કરી, અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સાબર ડેરી દ્વારા આ યોજના હેઠળ “ફ્લેવર્ડ મીલ્ક“ના પાઉચ આપવાના બદલે સાદું પેસ્ચ્યુરાઈઝડ મીલ્ક પાઉચ પેકિંગમાં આપવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના તા.૧૭-૯-૨૦૧૪ ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૭-૧૧-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી. પટેલ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- તમામ માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
-- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના રહસ્ય સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

-- અગ્ર સચિવશ્રી (ઉ. અને ટે. શિ.) ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

-- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

-- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.

-- કમિશનરશ્રી, શાળાની કચેરી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓની કચેરી.

-- જિલ્લા કલેકટરશ્રી પાટણ અને સાંબરકાંઠા.

-- જિલ્લા શિક્ષણ અધિકારી પાટણ અને સાંબરકાંઠા

-- જિલ્લા તિજોરી અધિકારી પાટણ અને સાંબરકાંઠા

-- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.

-- બજેટ શાખા/ નાણાં શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારૂં.

-- ના. સે. અ. સિલેકટ ફાઇલ.

-- સિલેકટ ફાઇલ.